# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ,ઉ.ઉ.બુ.પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ ની પરીક્ષાનું પરિણામ તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **hsc.gseb.org** પર તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક થી તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન માધ્યમ સિવાય અન્ય કોઇ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં.

ગુણચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઇન SBI ePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking) દ્વારા અથવા SBI ePay ના SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૦૬/૦૫/૨૦૨૬
સ્થળ :- ગાંધીનગર